નાટકના ૩૭

શ્રી વીષ્ણુ પરમાત્માના અનન્ય બાળ ભકતરાજ

ધ્રુવ કુમાર

નાટકના ઓપેરા.

વાંકાનેર "આર્યહિત વર્ધક" નાટક કંપની માટે.

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ દેવશંકર.

વાકાનેર આ હિ વ ના. કંપનીના માલીક.

આવૃતી ત્રીજી—પ્રત ત્રણ હજાર.

સુરત "દેશી મિત્ર" એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં
મગનલાલ ઠીકાભાઇ દેશી મિત્રવાળાએ છાપ્યા

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

કીંમત ૦–૨–૦

પાત્રોનાં નામ.

સુત્રધાર, નટી, બાળાઓ—નાટયકાર સ્ત્રી પુરૂષ.

ધ્રુવજી—મહારાજા ઉત્તાનપાદના પાટવી પુત્ર ને વિષ્ણુ પરમાત્માના અનન્ય બાળ ભક્ત.

ઉત્તમ—ધ્રુવજીનો ઓરમાન ભાઇ.

તુળજારામ—ધ્રુવજીનો મિત્ર અને રાજ્ય ગોર.

ઉત્તાનપાદ—માહેશમતીના મહારાજા ને ધ્રુવજી તથા ઉત્તમના પીતા.

નારદજી—સુરમુની.

ઇંદ્રરાય—સુરપતી

બ્રહસ્પતી—સુરગુરૂ

જયંત—ઇંદ્રરાયના પુત્ર.

શ્રી વિષ્ણુ—જગતનીયતા

ચિત્રકેતુ—જયતનો પાસવાન

લક્ષ્મીજી—શ્રી વિષ્ણુ પરમાત્માની વિભુતિ.

સુરૂચી—કુમાર ઉત્તમની મા માનીતા નવા રાણી.

સુનીતી—કુમાર ધ્રુવજીના માતા ઉત્તાનપાદના અણમાનીતાં રાણી.

ઇંદ્રગઉરી—ઇંદ્રરાયની પુત્રી તથા ધ્રુવજીના થનાર પત્ની.

ઇંદ્રાણી—ઇંદ્રરાયની પત્ની.

ગુણવંતી—તુળજારામની સ્ત્રી.

રમુજીભાન, બ્રહ્માજી સરસ્વતી, દેવગણો, માયા, અપ્સરાઓ, પારશદ, પુરાણી, દરબારીઓ વારાંગનાઓ દાસ દાસીઓ વીગેરે.

શ્રી વિષ્ણુ પરમાત્માના અનન્ય ૦

ધ્રુવ કુમાર નાટકનો ટૂંક

અંક પહેલો.

પ્ર. ૧—ઇશ્વર સ્તુતી, સુત્રધાર તથા ભરત મુનીનો સબંધી સંવાદ, ભરત મુનીનો આશ્રમ બદલાઇ માતા પ્રગટ થઇ આશીર્વાદ આપી અંતર ધ્યાન થવુ.

પ્ર ૨—માહિસ્મતી નગ્રના મહારાજા ઉત્તાનપાદના પાટ ધ્રુવજીનુ પોતાના લઘુ બંધુ સાથે પ્રભુ ભજન કરતા રાજ નીકળવું. કઇ અવસ્થામા પ્રભુ ભજન કરવુ તે ઉપર ઉત્ત રાજગોર તુળજારામ સાથે કુમાર ધ્રુવજીએ કરેલુ વીવેચન, દીવસની ખુશાલી પ્રસંગે પોતાની માતા સુરૂચીને અવાસે આવ આગ્રહ કરી કુમાર ધ્રુવને ઉત્તમનુ તેડી જવુ પછી પુરૂષોત્તમ પુ ણીનુ આવવુ, અને તુળજારામે કથાના ખરડામા સવા રૂપીયો નોંધાવ્ય છે તેની ઉઘરાણી કરવી, તુળજારામે નહિ આપવા કહેવુ, બન્નેની તકરાર.

પ્ર ૩—પોતાની માનીતી નવી રાણી સુરૂચીના અવાસે મહારા જા ઉત્તાનપાદે ઉત્તમના જન્મ દીવસની ખુશાલીમા ભરેલો ભવ્ય દરબાર કુમાર ધ્રુવજી સાથે ઉત્તમનુ આવવુ, રાણી સુરૂચીને વશ થઇ તેના કુમાર ઉત્તમને મહારાજા ઉત્તાનપાદનુ પ્રેમથી ઉછંગમાં બેસવા બોલાવવુ અને કુમાર ધ્રુવજીને વીસરી જવુ, ભ્રાતૃ ભાવની અપુર્વ પ્રીતિને પરીણામે જ્યેષ્ટ ભ્રાતા ધ્રુવજીને પોતાના ઉછંગે બેસવા ઉત્તમનું

સુરૂચીયે કુમાર ધ્રુવજીનુ અપમાન કરી મહેણું
ગીરી, તુળજારામનો દીલાસો. અપર માતાના
જી પીતાના અલ્પ ઉછંગના સુખને અભાવે શ્રી
ઉછંગમા બેસવાને લાયક થવાનો નીશ્ચય કરી

ઉમાનીતિ રાણી ધ્રુવજીની માતા સુનીતીને અપશુક-
ા, ત્યા તુળજારામની સ્ત્રી ગુણવતીએ ધીરજ દેવી,
વજીએ આવી ઇશ્વર ભજન અરથે જંગલમા જવા
પાને રજા માગવી, સુનીતીનો કરુણા જનક વાત્સલ્ય
જીની અડગ ભક્તિ, સુનીતીનો શુભ આશીરવાદ ધ્રુવજીનુ
નુ

૫—તુળજારામ તથા તેની સ્ત્રીની ધ્રુવજી પ્રત્યેની લાગણીના
તેવામા પુરશોતમ પુરાણીનુ સવા રૂપીયાની ઉઘરાણી માટે
ુળજારામ પોતાના છોકરા રમુજીલાલને પોતે મરવા પડયો
નુ સમજાવી સનેપાત થવાનો ડોળ કરી બીજા પાચ રૂપીયા
ે છે અને સવા રૂપીયા માફ કરાવે છે.

પ્ર ૬.—નવી રાણી સુરૂચીનુ ધ્રુવજી વનમા જવાથી હરખીત થ
ા રાજા ઉત્તાનપાદનુ તેના સ્ત્રી ચરીત્રથી મોહાધ થવુ

પ્ર૦ ૭—સુરપતિ ઇંદ્રરાયની પુત્રી ઇંદ્ર ગવરીની સાહેલીયો સાથે
શાયળ મહીનાના ગરબાની ગમત, મહાત્મા નારદજીનુ આવવુ ઇંદ્ર
ગવરીની હસ્તરેખા જોઇ ધ્રુવજી સાથે વરવાનુ ભાખેલુ ભવીષ્ય, ધ્રુવજી
સાથે વરવાની ઇંદ્ર ગવરીએ કરેલી પ્રતીજ્ઞા

પ્ર ૮—અઘોર જંગલમા કુમાર ધ્રુવજીનુ નીકળવુ નારદ મુનીનો
સમાગમ, ધ્રુવજીની ઇશ્વર ભજનમા અડગ ટેક જોઇ ગુરુદીક્ષા આપી

મધુવનમા તપ કરી શ્રી વીષ્ણુ પરમાત્માના દર્શન પ્રાપ્ત કરવા મોકલવા.

પ્ર. ૯—સ્વર્ગમા ઇંદ્રરાયની કચેરી, નારદ મુની સાથે મૃત્યું લોક સબધે ઇંદ્રરાયની વાતચીત ધ્રુવજીની ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવે વાયુનું રુધન થવાથી દેવતાનુ અકળાઇને આવવુ. ઇંદ્રરાયે ધ્રુવજીની તપશ્ચર્યા ભગ કરવા માટે કરેલો વીચાર, બાદ ઇંદ્રાસનનુ ડોલવુ, અને દેવ સભાનુ આશ્ચર્ય થવુ

અંક બીજો

પ્ર૦ ૧—રમુજીલાલે માતા પીતાનો પ્રેમ જોવા તેના ભાઇબધને પોતાનો હાથ ભાગ્યો છે એવા ખબર આપવા મોકલવો, ગુણવતીનુ પોતાના દીકરા રમુજીનો હાથ ભાગી ગયાના ખબર સાભળી દીલગીર થવુ, તુળજારામે પોતાની નાસીકા જોઇ રમુજી લાલને કાંઇ નથી થયું એમ કહેવુ, ગુણવતીયે તેને ઉત્તાનપાદે જેમ નીરદય થઈ ધ્રુવજીને દુભાવી વનમા મોકલ્યા તેવા તમે પણ નીરદય છો, નગર ચર્ચા જોવા નીકળેલા ઉત્તાનપાદને ઉપલા વાક્યો સાભળી થયેલો અફસોસ તુળજારામે ધ્રુવજીને શોધવા જવા કરેલો નીશ્ચય

પ્ર૦ ૨—પુત્ર વિયોગથી પીડાતા મહારાજા ઉત્તાનપાદનુ શોક ભુવન, તુળજારામે તથા કુમાર ઉત્તમે શાન્ત થવા કહેવુ તેવામાં રાણી સુરૂચીના મારર્માક વચનો સાભળતા રાજાના પસ્તાવામા વધારો, કુમાર ઉત્તમે પોતાની માતા સુરૂચીને ગર્ભીત ક્રોધ સાથે શોક ભુવનમાથી ચાલ્યા જવા કહેવુ, નારદજીયે આવી ધ્રુવજીના કુશળ સમાચાર આપી સઉનું મન શાંત કરવૂ,

પ્ર૦ ૩—માયાના મસ્ત વિચારો, ત્યાં ઇન્દ્રસચે તેને ધ્રુવજીને છળવા જવા માટે કહેવુ માયાનું ધ્રુવજીને દુ:ખ દેવા માટે દીલગીર થવૂ.

પ્ર૦ ૪—હીમાલયના ઉપવનમાં સખીઓ સાથે ઇન્દ્રગવરીનો આનંદ, ઈન્દ્રપુત્ર જયંતનુ આવવુ, ધ્રુવજી સાથે વરવાના ઈન્દ્રગવરીના ઉદગાર સાંભળી જયંતનો ક્રોધ, નારદજીના આગમનથી લાચાર થઇને જયંતે ધ્રુવને સમુદ્રમા ફેંકી દેવાનો નિશ્ચય કરી જવુ.

પ્ર૦ ૫—ઇન્દ્ર મહારાજની આજ્ઞાથી ધ્રુવજીનુ ધ્યાન ભંગ કરવા તપહારીણી સેના સાથે માયાનુ મધુવનમા આવવુ. માયાવી બળે વસંત પ્રકટાવી રીધી સીધ્ધી દ્વારા ધ્રુવજીને લોભાવવાની યુક્તી, રંભા વગેરે અપસરાઓનો નાચ, ધ્રુવજીના રદયમાંથી વાસનાનુ નીકળવુ, ભક્તીનુ શુધ્ધ સ્વરૂપે ધ્રુવજીના રદયમા પ્રકાશવુ, ધ્રુવજીને શોધવા નીકળેલા તુળજારામ તડાકીયાનુ વનના વીચીત્ર ચમત્કારો જોઈ ડરી પાછા જવુ દેવ માયાએ ધ્રુવજીની માનુ રૂપ ધરી ધ્રુવજીને ધ્યાનમાંથી જગાડવા કરેલી કોશીષ, ધ્રુવજીના શરીરમાથી જવાળા નીકળતા માયાનુ ડરી પાછુ હઠવુ.

પ્ર૦ ૬—રાણી સુનિતીની ધ્રુવજીની આરોગ્યતા માટે પ્રભુ પ્રાર્થના કુમાર ઉતમે આવી ધ્રુવજીને વનવાસ દેવામાં પોતાનુ નીરદોષપણું દેખાડી દીલગીરી જાહેર કરવી. બાદ મહારાજા ઉત્તાનપાદનુ આગમન, પોતાથી થયેલ ભુલ માટે રાણી સુનીતી પાસે ક્ષમા માગવી. સુનીતીના પતી પ્રત્યે અનન્ય ભક્તિ.

પ્ર૦ ૭—ધ્રુવજીનુ તપ ભંગ કરવાની યુક્તીઓ નીષ્ફળ જવાથી દેવગુરૂ બ્રહસ્પતી સાથે ઇન્દ્રરાયની વાતચીત નારદજીએ આવી ધ્રુવજીને હેરાન ન કરવા ઈન્દ્રરાયને કરેલી સૂચના. બાદ બ્રહસ્પતીની

સલાહથી શ્રી વિષ્ણુ પરમાત્મા પાસે શ્રી વિષ્ણું લોકમાં જવાનો નીશ્ચય

પ્ર૦ ૮—શ્રી વિષ્ણુ લોકમા બાળ ભકત ધ્રુવજીની ઉગ્ર તપશ્ચર્યાનુ શ્રી વિષ્ણુ પરમાત્માને સ્વપ્નામા ભાન થતા નીદ્રામાથી જાગી ઉઠવુ, લક્ષ્મી સાથે ભક્તો પ્રત્યે અપુર્વ લાગણીનુ વીવેચન બાદ બ્રહ્માજી સાથે ઇંદ્રાદી દેવોનુ આવવુ. ઇંદ્રની શકા ટાળી સર્વ સાથે બાળભક્ત ધ્રુવજીને વર આપવા શ્રી વિષ્ણુ પરમાત્માનુ મધુવનમાં જવુ.

અંક ત્રીજો.

પ્ર૦ ૧—સુનીતીના મહેલમા પોતાથી થયેલ અપરાધની ક્ષમા માગવા સુરૂચીનુ આવવુ સુનીતીએ જણાવેલી નીરગળતા બાદ મહારાજા ઉત્તાનપાદે આવી બન્ને રાણીઓને સુસપમાં સાથે જોઈ જણાવેલી શાન્તિ,

પ્ર૦ ૨ – ધ્રુવજીને ઉપાડીને સમુદ્રમા ફેકી દેવાની ધારણાથી ૯૯ પુત્ર જયતનુ મધુવનમા આવવુ, ધ્રુવજીને ઉપાડવા જતા જયંતનૂં અગ જડાઇ જવુ, પારષદનુ પ્રગટ થવુ. જયતનુ પોતાથી થયેલ અપરાધ માટે પારષદના કહેવાથી ધ્રુવજીના પગમા પડવુ, પારષદે તેને મારી આપવી, ને જવા કહેવું. બાળ ભક્તરાજ ધ્રુવજીને વર આપવા સર્વે દેવો સાથે શ્રી વિષ્ણુ પરમાત્માનુ પધારવુ. તથા અવિચળ પદ અરપણુ કરવુ ત્યા નારદજીને ભક્તરાજ ધ્રુવજીને તેના પીતાના રાજ્યમાં લઇ જવા કહેવૂ ભક્તરાજ ધ્રુવજીના કરેલ અપરાધથી મુકત થવા સારૂ પોતાની પુત્રી ઇંદ્રગવરીનાં લગ્ન ધ્રુવજી સાથે

કરવા ઇંદ્રરાયે માગેલી શ્રી વિષ્ણુ પરમાત્માની આજ્ઞા

પ્ર૦ ૩—નારદજી તથા ભક્તરાજ ધ્રુવજીનુ નગર નજીક આવવુ, ત્યા ધ્રુવજીના પુર્વાવતાર સબધી વીવેચન કર્યા બાદ તેના આગમનના સમાચાર આપવા ઉતાનપાદ પાસે નારદજીનુ જવુ. ઉતમનો ભેટો બાદ આપ્ત મડળ સાથે માતા પીતાનુ સામઇયુ લઇ આવવુ, અને ભક્તરાજ ધ્રુવજીને લઇ આનદ મગળથી નગરમા જવુ

પ્ર૦ ૪– ધ્રુવજીના હિતચીંતક ગોર તુળજારામ તડાકીયાને સરકારી જાગી માયાનો મોહ જાળથી છોડવવાની નારદજીની યુક્તી.

પ્ર૦ ૫—તુળજારામના મ્રત્યુના ખબરથી ગુણવતીનો અફસોસ તેવામા તુળજારામનુ આવવૂ તેને ભુત સમજી ગુણવતીયે તથા તેના પુત્રે માર મારવાથી દુખી થવુ નારદજીયે આવી તેનુ અજાન ટાળી સત્ય જ્ઞાન સમજાવવુ.

પ્ર૦ ૬—ધ્રુવજી સાથે લીધેલી પ્રતીજ્ઞા રદ કરવા ઇંદ્રાણીએ ઇંદ્રગવરીને સમજાવવી, ત્યા મધુવનમાથી જયતનુ નીરાશ થઇ પાછા આવવુ, બાદ ઇંદ્રરાયે આવી ધ્રુવ તો પ્રતાપી ભક્તરાજ છે તેવુ જાહેર કરી ઇંદ્રગવરીને તેની સાથે પરણાવવાનો વીચાર, તથા ઇંદ્ર-ગવરીનો અપુર્વ આનદ.

પ્ર૦ ૭—ભક્તરાજ ધ્રુવજીનો રાજ્યાભીષેક ઉત્તાનપાદે ધ્રુવજીને આપેલી શીખામણ, ત્યા ઇંદ્રરાયે આવી પોતાની પુત્રીનુ ધ્રુવજીને કન્યાદાન દેવુ બાદ નારદ મુનીયે ધ્રુવજીને તેમનુ અવિચળ પદ બતાવવુ

શાંતિ શાંતિ શાંતિ:

શ્રી ગણેશાયનમઃ

ધ્રુવકુમાર નાટકનાં ગાયનો.

સુત્રધાર— ૧

સ્મરણે ધરી નામ, શરણ ચહુ પ્રભુ કષ્ટ કાપો ધરણીધરા,

મમ બાલ બુદ્ધિ પતી, સરલ મતી દે,

સફલ કાર્ય કરવા—સ્મરણે૦

બાળાઓ— ૨

અમે એવા શ્રીનાથજીને વંદીએ આવાર,

ભુદરા ભકતોના પ્રતીપાળ—અમે૦

નારદ શારદ ભાવ ધરીને ભજે, સુરનર મુનીવર પોત નો ગર્વ સહુ તજે

કરતા હરતા શ્રી કૃપાળ આ—અમે૦

સુત્રધાર— ૩

બ્રહ્મ સુતા તવ નામ શુભ, સંભારીને આજ,

વિનય વાણીથી માગીયે, મંગળ કર અમ કાજ,

બાળાઓ. સુ. નટી— ૪

ભજો મન વશ કરીને અજર અમર શ્રી ભૂધર જગમા જનમીને,

પ્રભુજીના ભજન એવા તાર્યા ગજ ગુણીકા જેવા

ભજ્યા જેને ભાવેથી વિશ્વ સોહાગી જાઉ તેને વારી વારી બલીહારી—ભજો

મોહ રૂપ જળથી ભર્યું આ ભવ સાગર દામ,

તેને તરવાનુ કર્યું એ શ્રી હરી કરૂ . . . ભજો૦

ધ્રવજી —	૫

ઠ મન ભજન સુધારસ પીલેરે, બેહુ શુ મુખ દીસેરે—મન૦
સાર નથી કાઇ આ સનારે, સમતાથી સમજી લેરે—મન૦
તુ કોણુને કોણુ છ તારૂ, અતરથી ઓળખી લેરે—મન૦

તુળજારામ, પુરૂષો-તમ— ૬

ગાર ગાડે નહિ દામ ધરી મોટાઇનુ નામ,
દોડી આવ્યો શુ કામ મુખ બાળવા,
બોલી સભાળ ઉઠે છે ઝાળ નહી તો તારો નકી થશે કાળ
પૈસો આપુ ન એક માર માથામા મેખ માગી ધારેલી ટેક નીત પાળવા
બળા બળે સવા રૂપીઆ લવુ મર ભવે પણુ પાઇ નહિ
ના ના ના અહીંથી જા ..ગોર૦

દરબારીઓ— ૭

મહારાજા જગ જીવો માગુ આશીશ આપીયે ભરી દરબાર--મહા૦
સુખમા ગમન ગાળી ગુણવાન, પ્રેમી પ્રજાને અતીશય માન,
અરીનો નાશ સહાય સ્થાન, સુખમા રહે સાગની સસાર--મહા૦

વારાંગનાઓ- ૮

પાયે પાયે સીગાર અબે કહા જાંયાગ લાલન લમાર
જાન ન દગી તાબેમે રહિગી સાહેબ સગી કહોગેજો
વારી વારી બલીહારી અકધારી લાલપ્યારી રેનસારી હય ગુજરી
નેન મેન સેન કેસર બાગી હતકારી ગીદીગીન ગીદીગીન ધા ધા-પાયે
બતાકે પ્રાન તુમે લઉ કુંત ધાર ન ભીની જરાબી મે
વાર વાર પ્યાર કાર અકધાર માર મારસે સુધાર ઉદ્ધાર.
દહ ગેહ નેહ તુમપે વારી કરો પ્યારી ગીદીગીન ધા ધા (૩)

ધ્રુવજી— ૯

ચટપટ ચેત, હેત કર હરીશુ મરણ ભમે છે માથે રામજી
ધામ ધરા ધન સુત ધણીઆણી સેવક નાવે સાથે રામજી
મોટપણાનુ માન ભરાયુ તેમા કાંઇ નવ સુજે રામજી
જમના કીકર જોશો ત્યારે થર થર કાયા ધ્રુજે રામજી
કર સતસગ અગ હોય નીરમળ રગ રદયમા લાગે રામજી
ભાવ ધરી ભગવંત ભજી લક્ત તો ભવનો ભય ભાગે રામજી—ચટ

સુનીતી, ધ્રુવજી— ૧૦

પુરણ સત્ય પાળી શ્રીરામને રીઝાવજો,
વચન આપના ચઢાવી શીર, રઢુ રઘુવીર...સત્ય૦
થશે સફળ કામ શુભ સત્ત તમારૂ એમ ધારી હુ અતરને વારૂ
રહેમ દ્રષ્ટીથી સર્વદા અમારૂ સીદ્ધ થાશે મમ કામ એમ ધારૂ
પુષ્પે વધાવુ મોતિડે વધાવુ મારા બાલુડા વેલા આવજો—સત્ય
નીરખુ નયન ભરી નેહથી આનદ કારી મુખ જરી
લક્ત વારણા હુલાસમા આશીશ આપુ છુ ફરી
સુખથી રહો આનદમા મુજ માતુ ચિન્તા નવ કરો
જગનાથ માગુ પ્રેમથી મુજ પુત્રની રક્ષા કરો.

સુરૂચી, ઉત્તાનપાદ— ૧૧

વાહ વાહારે રસીયા રદયે વસીયા, પ્રેમ પીજરે ફસીયા,
આવો અલબેલી આવો, પ્રેમે અધરામ્રત પાઓ,
આવુ સારી સેવા બજાવુ પ્રીતમ ગુણ ગાઉં હઇયામાં હરખાવુ
હો રસીયા કરી કસોટી મે કસીયા......વાહ વાહરે૦

ઈંદ્રગવરી દાસીઓ,— ૧૨

આજ આનંદેરે (૨) ગરબો ગાઓને ઉમંગમા
ઉમગમાને રંગમા સહુ સંગમાંરે—બેનો૦
શીયલ ગુણ ગાઓને ઉમગમારે બેનો૦
મોટો મહીમા છે સુંદર શીયળનોરે સતીનો શણગાર એ કહેવાયરે
સુવ્રતીસમાનવસ્ત્ર અંગને શોભાવે પતીસેવાએ પતીવ્રતાને પુર્ણથી દીપાવે
રીતી એ ધારી રેશે જો નારી, તો લેશે ઉગારી મોરારી,
ઊતાર ભવ પારરે. બેનો૦

નારદ— ૧૩

હોય ભક્ત પતિ ભવ મંહી, તરે તારે સંસાર,
સદા રહે પતી સાથમા, ધન્ય ધન્ય તે નાર.

નારદ— ૧૪

ભજ ગોવીંદ ભજ ગોવીંદ, ગોવીંદ ભજ મુઢ મતિ.
ધામ ધરા ધન કામ ન આવે, અંતે અળગા થાશેરે,
પળ પળ પ્રાણીહરીને ભજતો, જીવ સ્વર્ગમા જાશેરે.

ઇંદ્રગવરી— ૧૫

પ્રીતેથી મે તો લીધી છે પ્રતીજ્ઞા ઓ બેની,
સોભાગ્ણી છુ હુ ખ્યાતી જાણી એની—પ્રીતેથી૦
નારદજીની વાણી સુણીને ચીત ચોટયુ સુંદર વરમા
હરી ઇચ્છાયે હીરલો બાંધ્યો હુ તો થઈ ચુકી તન મનથી તેની વા૦

ધ્રુવજી— ૧૬

નોધારાના આધાર પ્રભુ મારા એકલનાછો બેલી ભાગ્યાનાછો ભેરૂ (૩) શામ
માત પીતાને મે તો મીથ્યા સબંધી ધારી મનથી મુકુછુ વીસારી વા૦
સર્વ ભકતોને જયારે ભીડ પડી છે ત્યારે, ધાઈને ગયા છો વનમાળી વા૦
બીરદ સંભારણુ જાણી દુખ નીવારણુ જાણી લેજો આબાળ ઊગારી વા૦

નારદ— ૧૭

રામ વીના નહી બોલ રસના, રામ વીના નહી બોલ
વથા વાતે અપરાધજ લાગે પડે ભજનમા ઝોલ—રસના૦
નીશદીન રામ ભજન રટવાને કરયો ગભમા કોલ રસના૦

નારદ— ૧૮

તમે ચેતોને સમય વીતી જાએરે સુધડનર માનો જીવનવથા જાય હોજી
માયાને મદીરયા ને કુટુમ કબીલા જોઇ હઇયામા કા હરખાય હોજી
જમના કીંકર જયારે ઝાલીને જાશે ત્યારે તુ તારામનમા મુઝાય સુ૦
હવે તો હરીને ભાઇ ભાવેથી ભજીલેને કાતુ આરામા ગોથા ખાયહોજી
આરે અવતાર તારો એળે જો જાશે ભાઇ જીવડો ચોરાશીમાં જાયરે૦

ઈંદ્રસભા— ૧૯

છાઈ રગ બે રગી ઉમગી સુસગી રહયો રગ સઊ અહી સ્થાન
અમન ચમન અમ્રત વરસે મણીમય જળ હળ સ્વર્ગનું ધામ
અજર અમર દેવનામ મોહ મનોહર ઇદ્રનુ ધામ—છાઇ

અંક બીજો

તુળજારામ,ગુણુવતી— ૨૦

કાર્ય કરવારેહ્યુ મરવારે તન મન ધન સાથે તઇયાર
ત્યારે થાવો તઇયાર હવે શાની છે વાર શોધો આકાશમા કે પાતાળ
ધ્રવજી મારા પ્રાણ્યારા આખતારા હુ શોધીશ ત્યારે મને શાતી થાય
હામથી કામ કહ્યો તે થાય. એમ ગુણી જનનો સહુ ગાય—કાર્ય૦

ઉતાનપાદ ૨૧

ખળ ખળ ખળ આસુ આખથી આ ખરે છે,
ધગ ધગ ધગ હઇયુ બાપુ આ બળે છે,
પળ પળ પળ પ્રગટે અગમા અગ્નિ એનો
વીરહ બહુ દમે છે આજ કુમાર ધ્રવનો
ધ્રવજી વીના મારૂ રે જીવન થયું ખારૂ (૨) સઊ સુખ અકારૂ-ધ્રુવ૦
નારીના નેહે લપટાઇ ભુલ કરી ભારી ન્યારૂ કર્યું બાળ બીચારૂરે–જી૦
રાજ તાજ વઇભવ બધા જોઈ બળે ઊર લાય
પુત્ર વિયોગે પ્રાણ મુજ પાપી કેમ નજાય હાય થશે શુ હવે મારૂ રે—જી૦

નારદ ૨૨

મઊ રામ નામને સાધોરે સતો પ્યારા ભાઇ ભક્તિ રસ્તે વાધોરે-સતે
આવ્યા સઊ હરીને મળવા સમજીને સુકૃત કરવા,
આ ભવ સાગરથી તરવારે ... ..સતો૦
ગીતાજી ગાઇ કહે છે રામાયણમા પણ તે છે,
વેદ પુરાણ એમ વદેછેરે. . ...સતો૦

માયા ૨૩

માયા હુ મદમાની યૌવનમા લચકાતીરે
શોભા સુદીર મમ તન ધારે, રભા રતીનો ગર્વ ઉતારે,
સકળ લોકોમા શક્તિ ધરાવી, સુરનર સર્વેને રોવરાવા
મુનીવરને ગોથા ખવરાવી, ખુબ ફરે ખુશી થાતીરે—

માયા— ૨૪

જોઇ માયા મોગ મોટા ભરમાયા ખોઇ કાયા રણુમા ગોળાયા રાણીજાયા
માયાને માટે મરાણુા ધીરવીર સમર્થ ને શાણુા છેલા નર પણ છેતરાયા
મીરા ધ્રુવજીયે ધાર્યા રદયે પરમેશ્વર પ્યારા
હારૂ એથી હુ હીમત હા.
લાભે તે લોભાવુ બનાવી મારી માયા—જોઇ૦

ઇંદ્રગવરી,— ૨૫

ખીલી છે કવી કૃતિ કીરતારની આજ મન માગ જોઇને હરખાય-ખી૦
જીવન સુખ મધરા આ શોભાય વન ઉપવન જોઈ મન લોભાય-ખી૦
સકળ સુમન બીન બીનથી ફુલ્યા નવીન રગ આ પલ્લવ ઝુલ્યા
ભમર ભાગી ઉમગે ફરે છે ટહુકા કોયલ કીર મોર કરેછે,
બહુ નાચે બુલબુલ ચીન હરતા, ગર્વ ધરી પક્ષી મળી ફરતા.
સરોવર તીરે હસ અતી નાચે, રાગ રગથી ગુજ મન રાચે
જીવન શુખ મધરુ આ શોભાય—ખીલી૦

ઇંદ્રગવરી, દાસીઓ— ૨૬

જાને કેવી સાહેલી છો મન ગેની ગતાવે શાને મારી બેન
આવી વાણી જાણીને જાઉ હારી વાહ વાણી
જોઇ ચતુરાઇ તારી હુ હારી બાન સારી
ના ગવરાવો કા દુભાવો શુ કુર થાઓ બસ દુર જાઓ—જાને

લાગી કટારી કારીકરૂ કયા જઇને હુ રાવ મારૂ મન બહુ મુઝાય
જીવ જાય ના સેવાયના રેવાયના કેવાય કાંઇ કંઇ ઉર ગભરાય૦

જયંત, ઇંદ્રગવરા— ૨૭

દુર દુર દુર નફ્ટ બાળા પ્રગટે જવાળા ઊર બારી
વીગ વદો શુ આ વીના વીચારી ક્રોધ હાય નાખમાય છુટે કપારી—દુર
રાકના ઉપર રોશ કરો કા ભગીની મારી હત્યારા કરો કા
, જુલમ કરો કા જનેતાના જાયા થઇને ડાહ્યા
ચુપ ગમાર પ્રગટે જવાળા—દુર૦

ઇંદ્રગવરી, દાસીઓ— ૨૮

મોહ્યુ રે મન સુન્દરવર ભ્રુવમા, ચોટયુ ચોટયુ (૨) રે મન૦
માત પિતા ભલે બારે ભય આપે કાપે શીશ આ મારૂ (૨) રે મન૦
ચદ્ર સાથે ચકોરી જેવુ તેવુ ચીત આ લાગ્યુ લાગ્યુ (૨) રે મન૦

માયા— ૨૯

વાવા શી શોના મધુવન કરો શોભાવતાર
હરપ ઉભરાવતારે પ્રીત પ્રસરાવતારે —વાવા૦
વીકસીત સુગધીત સરસ સુમનપર રસ ચુસે મદ મસ્ત મધુકર
કોકીલ કલરવ મુનીજન મન લલચાવતારે તપો તોડાવતારે—વા૦

માયા અપ્સરા— ૩૦

પ્રાય પ્યારા છો મારા ધુતારા થઇને આમ શુ બેઠા,
આમ શુ વાલા ઠગા છો ઠાલા ઉઠોને રંગ રમો રઢીયાળા
અનગ આગ લાગી અગ લાલા તે સમાવો વાલા—પ્રીય૦
રંગે રમાડો તન સમાવો આલીગન લઇ લ્યોને લાવો
નાથ કા તરસાવો સ્નેહે બેલાવો દયા ઉર લાવો.
ના શરમાવો વ્હાલ વધારો સેવા સ્વીકારો સ્વામી છઇએ —પ્રીય.

સુનીતી— ૩૧

પાય લાગી લાગી આજ માગુછુ મોરારી
માગુ છુ મોરારી આજ સ્હાય શામ તારી,
પુત્ર મારો પ્રાણ પ્યારો આવ્યો શરણે તારી
બીરદના પ્રતીપાળ પ્રભુ લેજે તુ ઉગારી
મુજ રકનુ એ રત્ન મળ્યુ જે મોઘે પ્રયત્ન
હેમ ક્ષેમ રાખો વીભુ અહોનીશ યાચુ પ્રભુ—પાય૦

સુનીતી— ૩૨

ચહુ છુ સેવા સદા સ્વામી તમારી રગ રાગ કદી માગુ નહી મનથી
આરે સસારી સુખ સઘળા હુ આતશબાજી સમ ગણુ ઉરથી વ્હાલા.
પતી તમ પદ રજ મમ હીતકારી—

નારદ— ૩૩

મન હરીહર કેર ધ્યાન ધરો મુક્તીનો મારગ એજ ખરો
દુરાચાર તજી સતસગ કરો મન૦
હુ ને મારૂ એ બેઉ તજને ગરવ છોડી મન રામ ભજો
ભાવ ભજન તવ હ્દય ભરો મન૦

લક્ષ્મીજી વગેરે— ૩૪

પોઢો પ્રીય પરમાનદ પ્યારા આ—હીચોળે સુદર દારા,
જીવન ઝુલો રઢીયાળા છબીલાજી છોગાળા—પોઢો
પાતળીયા પખો કરી, વાયુ ઢોળુ નાથ
શીતળ સુગધી સ્નેહથી સીચુ સહુ સખી સાથ
ગુણીયલ ગજરા, ગુથ્યા છે સારા અરપુ નારાયણ તમને,
હવે પોઢોજી પોઢોજી પોઢો પ્રાણેશ..............પોઢો૦

વિષ્ણુ—　　　　　　　　૩૫

અહા શું ધ્રુવ ભક્તી તમારી જાણી હર્ષ થયો ભારી
છ માસથી એકાગ્રહ થઇને અનફળ જળનો ત્યાગ કરી,
બેઠા છો તમે મુજ ધ્યાન ધરી તે સ્મરણ થયુ સ્વપ્ને—ભક્તી

૩૬

ઈંદ્રાદી દેવો, લક્ષ્મી દાસીઓ—

હે જગ્ત તારક ભય વિદારક શ્રષ્ટી ધારક શ્રીપતી
છો દીન દયાળા જય કૃપાળા જાદવા વીશ્વપતી,
તારી અલોકીક પ્રબળ યુક્તી કળી ન શકતી મુજ મતી
વીદ્વાન કે મુનીવર મનુજે પાર પામે ના રતિ,
મેરૂ કરો ત્રણ મય ક્ષણે ક્ષણમા કરો ત્રણમય તરૂ
એવા રમાવર આપ મુકતાં ધામ તે કેમ વીસરૂ,
સેવે ચરણ રજ શભુ પ્રીતે પરમ હીતમય સૌખ્યદા
વ્યાધી પ્રલય કરો ભ્રાતી સઉ હરો શાન્તી કરજો સર્વદા.

અંક ત્રીજો.

સુનીતી—　　　　　　　　૩૭

પ્રભુ અકળ કળા તારી પામે નહી કોઇપાર,
ક્ષણમા રાજા રક બનાવે રક પરે તુ છત્ર ધરાવે
ઘડી હસાવે ઘડી રડાવે નટ મરકટ વત સઉને નચાવે
પ્રણમું વારવાર............પામે.

સુનીતી, સુરૂચી, ઉ-તાનપાદ—૩૮

સુંદર શામળીયારે સઉ ભાગ્યતણું શણગાર
ગણું ગુણવંતા અમારા આધાર
તમ સમ સ્વામી જોઇને હું માનું ભાગ્ય અપાર,
ગણાય છે આ ભવસાગરમા સેતુ રૂપ સતીનાર,
અપાવે સ્વર્ગ તણા સુખ સાર—સઉભાગ્ય૦
ચાહે ચકોરી ચીતમાં જેમ ચંદ્ર તણોરે પ્રકાશ
એમ હું ચાહુ ચોંપથી સ્વામી તમ સેવાને ખાસ
ખરૂ છે અમ તરવાનુ નાવ—સઉભાગ્ય૦

વીષ્ણુ— ૩૯

આશ મારી ઉર ધરી, જંજાળ જગની પરહરી,
બાળક વયે વશ તેં કરયો, રીઝાવ્યો બહુ તપ કરી,
છો પ્રાણથી પણ પ્રીય મને, શીરોમણી સઉ ભક્તમા,
ભક્તી ભાવે નહી ચડે, તુથી અવર આ વીશ્વમા.

વીષ્ણું— ૪૦

છે ધન્ય ભાવ તમ ભક્તી તણો ધ્રુવ ભક્ત શીરોમણી ખાસ-જગત૦
અમુલ્ય અવીચળ પદ લેવામા થયા છો પુરા પાસ—જગતમા ભક્ત૦
આ સંસાર અસાર ગણીને, જે રાખે મુજ આશ જગતમા ભક્ત૦

નારદ, ધ્રુવજી— ૪૧

પ્રીય શીષ્ય પ્રભુને પ્રસન્ન કર્યા, તમ જન્મ જન્મના ફેરા ટળ્યા,
વીદેહી સમ સદા વીચરજો, નીશદીન નીતી અંતર ધરજો,
શીષ્ય તમારો નહી ડગનારો રહેશે ન્યારો,
જળ કમળ વત હરદમ ભવમાં ભર્યા,—પ્રીય૦

ધ્રુવજી— ૪૨

તારો અવસર જાય અભાગી જીવડા જો જાગી જો જાગી,
સદ આચરણ પ્રભુની સેવા આદર કર્યો ન એવો,
આ ભવમા નર દેહ ધર્યો પણ રહયો જનાવર જેવો—જીવડા
સમજીને તું ચેતી લેજે ભલો સમય છે ભાઈ,
હ્રદય માહી શુદ્ધ ભાવ ધરીને લેજે હરીગુણ ગાઈ જીવડા-તારો.

શુનીતી સુરૂચી સ્ત્રીઓ— ૪૩

આજે આનંદ સાગર રેલીઓ
સોનાનોરે આજ ઉગ્યો છે સુર્ય કે વેગે મળ્યા રે વધામણા
રીતે પ્રિતે પ્રભુને રીઝાવ્યા વીર ધ્રુવજીરે પધાર્યા છે પુર કે વેગે૰
મતો મોતીના ચોક પુરાવ્યા વાટે ઘાટેરે વેરાવ્યા છે ફુલ કે વેગે૰
ધન્ય આજ ઘડીરે આનદની વરસેછેરે કાઇ અમ્રત નુરદ વેગે૰

નારદ-- ૪૪

આ મીઠ્યા મોહમા એ પાપી જીવડા,
શ્રી હરીને વાસરીને કા ગોથા ખાય છે,
માયાના મદમા કા તણાઇ જાયછે,
સાચી ભક્તી કરો દીલથી તો મુક્તી થાય છે

નારદ-- ૪૫

ભજીલે ભાવે શ્રીહરી ન રહીશ ભાઈ ભુલમા,
માયા મહીલા માને શા મુલમા ડાપણના ડાહ્યા તુ ફુલમા--ભજીલે૰
સુખ તુ શાનુ માને અતે જાવુ છે સ્મશાન,
(માટે) ચેત ચેત ચડશે, નહી તો ચતુराई ચુલમા.

ઈંદ્રગવરી-- ૪૬

વાહ વાહ પ્યારા પ્રભુજી તે મારી કીધી આશા પુરી,
રાખી ના અધુરી મોરારી

ો આ સહુ દુખડા વામી હવે હરખેથી વાલાની સાથે ઉમગે
ંગે રમીશ રોજ રગે પ્રીતેથી રીતેથી ચીનેથી ચાહુ,
રની સેવા સારી...... .....વાહ વાહ૦

ો   47

સાસા ધનીસાસા નીસારેરેગ ગપમગમગરેસા
ારેગમપ ગમપ ગમપ નીનીનીની ધધધધ
ાપમ પમગ મગરે ગરેસા ધની
ગગમપ નીનીનીની ધધનીસા
ી સા ાધપ ધપમ પમગ મગરે ગરેસા ધનીસા

અવીચળ પદના દર્શન



.. દસ્તુરની ગુલચહેર બાનુ પીલ્સ.

અટકાવની બીમારી દુર કરનારી ગોળી!)

ાક (અટકાવ) બરાબર ખુલાસાથી નહીં આવવાથી અને
ન થાય છે, શરીરનુ ફુલી જવુ, હીસ્ટ્રીયા. અટકાવ
ા સખત દુખાવો, વધતુ ઓછુ આવવુ વીગેરે અનેક
યદો કરી નીયમસર દર માસે ખુલાશાથી આવે છે, એક
પણ ગભાશયને સુધારી વાંઝ્યાપણુ ટાળે છે, કીમત રૂા ત્રણ

ચાર્માંગ પીલ્સ

(શકિતની અકશીર ગોળી.)

હાથ, પગ, કમર, માથાનો દુખાવો દુર કરે છે, ખોરાક પાચન કરે છે, ઝાડો સાફ આવે છે, હરેક પ્રકારે જતી ધાતુને બધ કરે છે (પ્રદર) ચીકણુા પાણીનુ જવુ, નાદાનીયત કીધાથી નસોની કમતાકાત વીગેરે તમામ નબળાઇના રોગોને ફકત એકજ શીશીમા ફાયદો કરી મરદાનગી લાવી બુઢ્ઢાને જુવાન ને જુવાનને હીમતવાન બનાવે છે. (૪૨) ગોળીની શીશીની કીમત રૂા. એક.

ડીપાઇલેટોરિ

" વાળ દુર કરનારી સાબુની ભુકી. "

આ ભુકી બીજી દવાઇઓ કે સાબુઓની માફક ખરાબ વાસ મારતી નથી કે આગ બળતી નથી તેમજ જગો કાળી પડતી નથી, પણ બે ત્રણ મ ... વાળ ખરી જઇ ચામડી નરમને સુવાળી
ત ચાર આના.

...તાદજી કાવશજી દસ્તુર. કણુપીઠ સુરત.

જાહેર ખબર.

નીચે મુજબ દરેક ઓપેરા બે આનાની કીમતે :

જગતસિંહ નાટકના ઓપેરા ..	
શૈલબાળા નાટકના ઓપેરા ...	
ઇન્દુમતી નાટકના ઓપેરા .	
વીણા પ્રતાપ નાટકના ઓપેરા ...	
મહારાણા પ્રતાપના ઓપેરા ...	
શુરવીર શિવાજી નાટકના ઓપેરા ..	
સીતા સ્વયંવર નાટકના ઓપેરા ..	
સત્યવાદી હરિશ્ચંદ્રનાટકના ઓપેરા	-૨-૦
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા	૦-૨-૦
ચંદ્રકાન્તા નાટકના ઓપેરા	૦-૨-૦
નર્મદા નાટકના ઓપેરા ..	૦-૨-૦
સતી સુંદરબા નાટકના ઓપેરા .	૦-૨-૦
રમણ સુંદરી નાટકના ઓપેરા .	૦-૨-૦
સંસારી સાવિત્રીનાટકના ઓપેરા .	૦-૨-૦
બાળયોગેન્દ્ર ગોપીચંદ ઓપેરા .	૦-૨-૦
નરસિંહ મહેતોનાટકના ઓપેરા	૦-૨-૦
મીરાબાઇ નાટકના ઓપેરા	૦-૨-૦
ભકતરાજ પીપાજીનાટકના ઓપેરા	૦-૨-૦
રાધા પ્રેમભક્તિ નાટકના ઓપેરા	૦-૨-૦
સુરશ્યામ નાટકના ઓપેરા ..	૦-૨-૦
મીરાંબાઇ ભાષણ સહીત મો[illegible]	-/-